## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



તે દિવાળીની સફાઈ માટે, પ્રધાનમંત્રીની જેમ સફાઈ અભિયાન ચલાવવાનું કહ્યું હતું... તો લે આ ઝાડુ હું બહાર જઈને આવું....!!

# શહેરમાં બેવડી ઋતુ : દિવસે ગરમી રાત્રે ઠંડી



ગાંધીનગર, તા. ૨૯

શિયાળો હવે નજીક આવી રહ્યો છે તેના એંધાણ મળી રહ્યાં છે. લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સુધી પહોંચી જતાં દિવસ દરમ્યાન ગરમી અને રાત્રે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે.

નવરાત્રી પુર્ણ થયા બાદ ધીમે ધીમે ઋતુમાં પરિવર્તન આવી રહ્યું છે. દિવસ વહેલો આથમી જાય છે અને સાથે જ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. હજુ એકાદ-બે દિવસ પહેલા જ લઘુત્તમ તાપમાન ૧૯-૨૦ ડિગ્રીની આસપાસ રહ્યુ હતુ. જે હવે ઘટીને ૧૪-૧૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જેના કારણે રાત્રી દરમ્યાન ઠંડકનો અનુભવ થતો હતો. જો કે હજુ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ઉંચુ રહેતા ગરમી અને આકરા તડકાનો અનુભવ થઈ રહ્યો છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડી એવી બેવડી ઋતુનો અનુભવ છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહ્યો છે. જેના કારણે વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓ વધી રહ્યા છે. શરદી અને ઉધરસ તથા તાવના દર્દીઓ ઘરે ઘરે જોવા મળી રહ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર શ્રી પટેલ ૩૧મી ઓક્ટો.ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ૪થી ૫ સભ્યો તેમના કામોને લઈને લઈ આવ્યા હતા.
- ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડિટોરિયમમાં રાજ્યની વિવિધ હોસ્પિટલોના તબીબો અને તબીબી શિક્ષણના અધિકારીઓની ત્રિદિવસીય ચિંતન શિબિરનો આજથી પ્રારંભ થયો છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની ચાલુ મહિને સામાન્ય સભા ન મળતાં સભ્યોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આજે આઈ.સી.ડી.એસ. ની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.
- જિલ્લા કલેકટર કચેરીના અધિકારીઓ આજે આખો દિવસ ચૂંટણી પંચની વડી કચેરી ખાતે સતત દોડતા રહ્યા હતા.
- જિલ્લા કલેક્ટરશ્રીએ જાહેરનામુ પ્રસિદ્ધ કરી પરવાનેદાર હથિયારધારકોને તેમના હથિયારો જમા કરાવવા જણાવ્યુ છે.

# સેમેસ્ટર-૧માં આજે રસાયણ વિજ્ઞાન પેપર

અમદાવાદ, તા.૨૯

ધોરણ-૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષાનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. આવતીકાલે પ્રથમ દિવસે સવારે ૧૦.૩૦થી ૧.૦૦ કલાક દરમિયાન વિજ્ઞાન પ્રવાહનાં સેમેસ્ટર-૩ની પરીક્ષા લેવામાં આવશે.

સેમેસ્ટર-૩માં આવતીકાલે ભૌતિક વિજ્ઞાન વિષયની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે બપોરે ૩.૦૦ થી ૫.૩૦ કલાક દરમિયાન સેમેસ્ટર-૧ની પરીક્ષા લેવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓ રસાયણ વિજ્ઞાન વિષયની પરીક્ષા આપશે.

ઉલ્લેખનીય છે કે, સેમેસ્ટર-૩માં ભૌતિક વિજ્ઞાન અને સેમેસ્ટર-૧માં રસાયણ વિજ્ઞાનની પરીક્ષા ૯ નવેમ્બરનાં રોજ લેવાની હતી. જો કે આ દિવસે ધનતેરસનો તહેવાર આવતો હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા પરીક્ષાનાં કાર્યક્રમનો વિરોધ કરવામાં આવ્યો હતો. જેનાં પગલે નવ નવેમ્બર લેવાનાર બંન્ને વિષયની પરીક્ષાઓ ૩૦મી ઓક્ટોબરે લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

# આત્મવિલોપન કરવા ગાંધીનગર પહોંચેલા પાંચ પાટીદારોની અટકાયત

**નવા સચિવાલય ગેટ નં. ૧ પાસેથી પોલીસે અટકાયત કરી લીધી : હાર્દિક સામે રાજદ્રોહનો ગુનો દૂર કરવા અને પાટીદારો પર અત્યાચાર ગુજારવાનું બંધ કરવાની માંગ**

ગાંધીનગર, તા. ૨૯

હાર્દિક પટેલ સામે પોલીસે દાખલ કરેલા રાજદ્રોહના ગુનાને રદ કરવા તથા પાટીદારો પર થતા અત્યાચારો બંધ કરવાની માંગણી સાથે આજે ગાંધીનગરમાં પાંચ પાટીદારો આત્મવિલોપન કરવા આવી પહોંચ્યા હતા. નવા સચિવાલય ગેટ નં. ૧ પાસેથી જ પોલીસે પાંચેય પાટીદારોની અટકાયત કરી લઈ પાટીદારોને આત્મવિલોપન કરતા અટકાવી દીધા હતા.

ગાંધીનગર નવા સચિવાલયના બ્લોક નં. ૧ પાસે આવીને પાંચ પાટીદારો આત્મવિલોપન કરવા સચિવાલયમાં પ્રવેશ કરવાના હોવાના ઈનપુટને પગલે બપોરથી જ ગાંધીનગર પોલીસ એલર્ટ થઈ ગઈ હતી. સમી સાંજે આત્મવિલોપન કરવા માટેની સાધન સામગ્રી સાથે ગેટ નં. ૧ પરથી પ્રવેશ લઈ રહેલા પાંચેય પાટીદારોને પોલીસે ગેટ પાસેથી જ પકડીને તેમની અટકાયત કરી લીધી હતી. દહેગામના જશુભાઈ સોમાભાઈ પટેલ, સોલાના વરૂણભાઈ નવીનભાઈ પટેલ અને બાયડના તેનપુર ગામના ભરતભાઈ જીવણભાઈ પટેલ, દિપકભાઈ ચતુરભાઈ પટેલ તથા ચિંતનભાઈ બળવંતભાઈ પટેલ મળી પાંચેય પાટીદારોની સેક્ટર-૭ પોલીસે અટકાયત કરી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પાટીદારોની માંગણી હતી કે હાર્દિક પટેલ સામે નોંધાયેલા રાજદ્રોહના ગુનાને રદ કરો અને પાટીદારો પર થતા અત્યાચારો બંધ કરો..!



એસ.જી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ અમદાવાદના ઓર્ગેનિક ફાર્મની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન જૈવિક ખાતરનો ઉપયોગ, તેની બનાવટ તથા ખેતરમાં ખેડૂતો દ્વારા થતા પ્રયોગોની સંપૂર્ણ માહિતી મેળવી હતી. જેમાં શાળાના ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉપરાંત ધો-૬, ૭ અને ૮ના વિદ્યાર્થીઓ દ્વારા જૈવિક ખાતરનો ઉપયોગ કરી વિવિધ કૂંડામાં બીયા રોપવામાં આવ્યા હતા.

# ઉમાભવન ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે ભવ્ય રાસ-ગરબા યોજાયા

## કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

ગાંધીનગર, તા. ૨૯

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર દ્વારા શરદ પૂર્ણિમા નિમિત્તે રાસ-ગરબાનું આયોજન ઉમા ભવન સેક્ટર-૧૨ ખાતે કરવામાં આવ્યું હતું. રાસ-ગરબામાં ભાઈ-બહેનો મનમુકીને ગરબે ઘુમ્યા હતા. આ પ્રસંગે ગરબા નિહાળવા માટે ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં મહાનુભાવો હાજર રહ્યા હતા.





શહેરના ઉમાભવન સેક્ટર-૧૨ ખાતે ચાર વર્ષથી નવરાત્રીમાં રાસ ગરબાનું આયોજન થાય છે. નવલી નવરાતમાં માતાજીના સાનિધ્યમાં ચાચર ચોક ખાતે ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમે છે. ગરબા ગ્રાઉન્ડમાં યુવાધન જાણે ખીલી ઉઠે છે. ગરબા બાદ નાસ્તાની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. નવરાત્રી બાદ શરદપૂર્ણિમાના દિવસે રાત્રે રાસ-ગરબા અને દૂધ પૌંઆનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવે છે. રાસ-ગરબામાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી ગરબે રમ્યા હતા. ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી ભરચક થઈ ગયું હતું. રાસ-ગરબાના આ કાર્યક્રમને લોકોએ ઉમંગ ઉત્સાહથી માણ્યો હતો. આ પ્રસંગે ઊંઝા સંસ્થાના પ્રમુખ નારણભાઈ પટેલ, પૂર્વ મંત્રી અરવિંદભાઈ પટેલ, ગુજરાત ખાદી બોર્ડના અધ્યક્ષ વાડીભાઈ પટેલ, શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના પૂર્વ ચેરમેન અશોકભાઈ ભાવસાર, મનપાના મેયર હંસાબેન મોદી, ડે. મેયર કાર્તિક પટેલ, કોર્પોરેટર મનુભાઈ પટેલ, પ્રવિણ પટેલ, સંસ્થાના આગેવાન રસિકભાઈ પટેલ, અર્બન બેંકના ચેરમેન ડી.ટી. પટેલ, ગા. નાગરીક બેંકના મેનેજીંગ ડીરેક્ટર મનુભાઈ પટેલ, દિલ્હી કૃભકોના ડિરેક્ટર પરેશભાઈ પટેલ, બિલ્ડર એસો. પ્રમુખ પ્રમુખભાઈ, નિલેષભાઈ, હસમુખભાઈ, નવીનભાઈ પટેલ સહિત સામાજીક શૈક્ષણિક સંસ્થાના પદાધિકારીઓ ઉમીયા સંસ્થાના ટ્રસ્ટીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સંસ્થાના હોદ્દેદારોએ મહેમાનોનું સ્વાગત કર્યુહતું. ઉપસ્થિત મહેમાનોએ આરતીનો લાભ લીધોહતો. વેદ સ્કૂલના દાતા બાબુભાઈ પટેલના હસ્તે ઉમિયાજીની મૂર્તિનુંપૂજન કરી હોલમાં પધરામણી કરી હતી.

# નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસનું આયોજન થયું

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદના આશ્રમ રોડ સ્થિત ગુજરાત વિદ્યાપીઠ ખાતે આજે નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તેમની આજુબાજુની પ્રાકૃતિક વસ્તુઓ પ્રત્યે જિજ્ઞાસાવૃત્તિ વધે તેવા ઉદ્દેશ્ય સાથે યોજવામાં આવશે. આ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી કુલ ૩૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમિટમાં વર્તમાન આબોહવા, હવામાન અને તેની મનુષ્યના આરોગ્ય પર પડતી અસરો અંગે પરિસંવાદ કરવામાં આવ્ય હતો તેમજ બાળકોને વિવિધ પાલતુ પ્રાણીઓ, તેમની ઉપયોગીતા અને ઉછેર પદ્ધતિઓ અંગે પણ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં ભાગ લઈને માર્ગદર્શન મેળવ્યું હતું.



આંતરરાષ્ટ્રીય કક્ષાની ટેકવોડો સ્પર્ધા તાજેતરમાં દક્ષિણ કોરિયાની પ્યોગટેક ખાતે યોજાઈ હતી. જેમાં સરકારી વિનયન કોલેજ ગાંધીનગરમાં અભ્યાસ કરતા લોકેશ્વરસિંહે સ્પર્ધામાં ભાગ લઈ સુવર્ણપદક પ્રાપ્ત કર્યો હતો અને કોલેજ તેમજ પરિવારનું ગૌરવ વધાર્યુ હતું. કુલ ૬૨ દેશોના ૪૬૬૩ સ્પર્ધક ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિજેતા થયેલા ખેલાડીને સે-૨૧ જીમખાનાના કોચ કેતન રાવલ, દીપકુમારે માર્ગદર્શન પુરું પાડયું હતું. સંસ્થાના વડા ડૉ. યોગેશ યાદવ તથા સમગ્ર કોલેજ પરિવારે લોકેશ્વરસિંહને અભિનંદન પાઠવ્યા છે.

# સ્ટ્રોકની સારવાર ૬ કલાકમાં મળે તો સાજા થવાની વધુ શક્યતા

ગાંધીનગર, તા. ૨૯

આજે વર્લ્ડ સ્ટ્રોક ડે નિમિત્તે અમદાવાદ એપોલો હોસ્પિટલ ખાતે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સ્ટ્રોકમાંથી ઉગરી ગયા હોય તેવા ૧૦૦થી વધુ દર્દીઓએ તેમના અનુભવો વર્ણવ્યા હતા. સ્ટ્રોક મગજની રક્તવાહીનીઓમાં બ્લોકેઝ તેમજ ક્યારેક વાહીનીઓ ફાટવાથી પેદા થાય છે. જ્યારે દર્દીને સ્ટ્રોક આવ્યાના છ કલાકની અંદર સારવાર મળે તો સાજા થવાની શક્યતા વધુ હોય છે તેમ ન્યુરોલોજિસ્ટ ડૉ. મુકેશ શર્માએ જણાવ્યું છે.

આ અવસરે બોલતાં એપોલો હોસ્પિટલ્સ, અમદાવાદના કન્સલ્ટન્ટ ઈન્ટરવેન્શનલ ન્યુરોલોજિસ્ટ ડૉ. મુકેશ શર્માએ જણાવ્યુંહતું કે સ્ટ્રોક મગજની રક્તવાહિનીઓમાં બ્લોકેજ અથવા અમુક વાર વાહિનીઓ ફાટવાથી પેદા થાય છે. જો દરદીને સ્ટ્રોક આવ્યાના છ કલાકની અંદર સારવાર મળે તો તે સાજા થવાની ઉચ્ચ શક્યતા છે. જોકે સારવાર વિશે જાગૃતિને અભાવે કુલ દરદીમાંથી ૫ ટકા પણ ચાર કલાકમાં ટર્ટિયરી કેર સેન્ટરમાં પહોંચી શકતા નથી. વાસ્તવમાં જો દરદીને સ્ટ્રોક આવ્યાના ૯૦ મિનિટમાં ઈન્ટરવેન્શન સારવાર મારફત ગાંઠ પિગાલથી પ્રક્રિયા સાથે સારવાર કરાય તો તે સાજો થવાની ખરેખર ઉચ્ચ સંભાવના હોય છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે ઘણા બધા લોકો સ્ટ્રોકના વહેલા લક્ષણો વિશે વાકેફ પણ નથી. જે લક્ષણોમાં બોલવામાં થોથવાવુ, દૃષ્ટિમાં ઝાંખપ, માથાના તીવ્ર દર્દ અને શરીરની એક બાજુમાં કમજોરીનો સમાવેશ થાય છે. આ લક્ષણો વિશે વાકેફ ન હોવાથી સારવાર પણ વિલંબમાં મુકાય છે.

સ્ટ્રોક દુનિયાભરમાં લોકોને વિકલાંગ કરવામાં મુખ્ય કારણમાંથી એક છે. સ્ટ્રોક માટે વિલંબિત સારવાર જીવલેણ નીવડે છે. કારણ કે સ્ટ્રોકમાં દરદી લાખ્ખો ન્યુરોન્સ ગુમાવે છે.

એપોલો હોસ્પિટલ્સના સિનિયર ન્યુરોલોજી કન્સલ્ટન્ટ ડૉ. સુચેતા મુદગેરીકરે જણાવ્યું હતું કે આરોગ્યવર્ધક જીવનશૈલી ડાયાબીટીસ, કાર્ડિયોવેસ્કુલર રોગો અને સ્ટ્રોક જેવા ઘણા બધા જીવલેણ રોગો સામે અત્યંત અસરકારક પ્રતિબંધાત્મક ટેકનિક છે. તાણ, કસરતનો અભાવ, તેલવાળા ખાદ્યો, ધૂમ્રપાન અને વધુ પડતુ શરાબ સેવન પણ આપણા શરીરને માઠી અસર પહોંચાડે છે. સ્ટ્રોક નિવારવા માટે આરોગ્યવર્ધક જીવનશૈલીનું પાલન કરવું મહત્વપૂર્ણ છે અને લક્ષણો વિશે વાકેફ રહેવું અને સમયસર સારવાર લેવાનું પણ તેટલું જ મહત્વપૂર્ણ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર – TATA
ઓથોરાઈઝ્ડ ડીલર – Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦